# દ્વેષ અને ભેદભાવની ઉશ્કેરણી વિરુદ્ધ પ્રસ્તાવ: સારાંશનું દસ્તાવેજ

MINISTRY OF JUSTICE
Tāhū o te Ture

New Zealand Government

# વિષયવસ્તુ


છ પ્રસ્તાવ ........ 3

ઉશ્કેરણીજનક ભાષણ શું છે? ........ 4

દ્વેષને ભડકાવવાથી નુકસાન થાય છે ........ 5

વર્તમાન કાયદો ........ 5

અભિવ્યક્તિની સ્વતંત્રતા સુરક્ષિત છે પણ તે અમૂક મર્યાદાને આધિન છે ........ 6

કાયદામાં સમસ્યાની જાન થઇ ગઈ છે ........ 7

વૈતાંગી વિચારણાઓની સંધિ ........ 7

પ્રસ્તાવ પર પ્રતિસાદ માટે પ્રશ્નો ........ 7

જો તમે દ્વેષપૂર્ણ વાણી અથવા વર્તનનો અનુભવ કરી રહ્યાં છો તો તમે શું કરી શકો છો ........ 9

વધુ માહિતી ........ 9

Te Tāhū o Te Ture – ન્યાય મંત્રાલય (મંત્રાલય) દ્વેષ અને ભેદભાવની ઉશ્કેરણીને લગતા કાયદાને બદલવાની છ પ્રસ્તાવ પર તમારો પ્રતિસાદ માંગે છે.

માનવાધિકાર અધિનિયમ 1993 વંશીય વિરોધાભાસને ઉશ્કેરતા (ઉશ્કેરણી કરનાર) ભાષણને પ્રતિબંધિત કરે છે. તે વ્યક્તિની ઓળખની વિશેષતાને કારણે તેમની સાથેના ભેદભાવને પણ પ્રતિબંધિત કરે છે.

15 માર્ચ 2019 ના રોજ ક્રિસ્ટચર્ચ મસ્જિદૈન પર થયેલા આતંકવાદી હુમલા અંગે મંત્રાલયની સમીક્ષા અને રોયલ કમિશન ઓફ ઇન્કવાયરીની ભલામણને પગલે સરકાર આ સંરક્ષણોને મજબૂત અને સ્પષ્ટ કરવા ફેરફારોની દરખાસ્ત કરી રહી છે.

સરકાર ભેદભાવની જોગવાઈઓમાં બે વ્યાપક કાયદામાં ફેરફારની પણ દરખાસ્ત કરી રહી છે.

ઓટેરોઆ ન્યુઝિલેન્ડ એક વૈવિધ્યસભર રાષ્ટ્ર છે. સરકાર સામાજિક એકતાને મજબૂત બનાવવા અને ઓટેરોઆ ન્યુઝિલેન્ડને દરેક માટે સલામત બનાવવા માંગે છે. તિરસ્કાર ભરેલી વાણી સામેના સંરક્ષણો અને ભેદભાવ સામેના રક્ષણમાં સુધારો, આને સમર્થન આપશે.

ઓટેરોઆ ન્યુઝિલેન્ડમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા એક મહત્વપૂર્ણ મૂલ્ય છે. તે ભેદભાવથી મુક્ત થવા સાથે ન્યુઝિલેન્ડ બિલ ઓફ રાઇટ્સ એક્ટ 1990 નો અભિન્ન ભાગ છે. કાયદામાં સુઝાવેલ ફેરફારોનું લક્ષ્ય આ અધિકારોની વધુ સારી રક્ષા કરવાનું છે અને તે પણ સુનિશ્ચિત કરવાનું છે કે જે લોકોને દ્વેષ ભરેલ વાણીનો અનુભવ થાય છે તે સ્વતંત્ર રીતે પોતાને વ્યક્ત કરી શકે છે. બિલ ઓફ રાઇટ્સ એક્ટ,  બીજાના હકો અને હિતોનું સંતુલન જાળવીને અધિકારો પર ન્યાયી મર્યાદા માટે પરવાનગી આપે છે.

સરકારે છ પ્રસ્તાવ માટે સિદ્ધાંતમાં સંમતિ આપી છે. આનો અર્થ એમ થાય છે કે સરકાર વિચારે છે કે પરિવર્તન એક સારો વિચાર છે પણ કાયદાને કેવી રીતે બદલવા તે અંગે કોઈ અંતિમ નિર્ણય લેતા પહેલા તેઓ સમાજની અપેક્ષાઓને પૂર્ણ કરે છે કે કેમ તે જાણવા માંગે છે. પ્રાપ્ત થયેલા પ્રતિસાદને આધારે આ પ્રસ્તાવ બદલાઇ શકે છે.

પ્રસ્તાવ નીચે દર્શાવ્યા મુજબ છે. ટૂંકમાં, તેમનો લક્ષ્ય આ પ્રમાણે છે:

- ઉશ્કેરણીની જોગવાઈઓ દ્વારા સુરક્ષિત એવા લોકોના જૂથોમાં વધારો
- કાયદો કઈ વર્તણૂકને મંજૂરી આપશે નહીં અને કાયદો ભંગ કરવાના પરિણામોને વધારશે તે સ્પષ્ટ કરવું
- વ્યાપક ભેદભાવ સામેના જૂથો માટેના રક્ષણમાં સુધારો કરવો.

તમે વર્તમાન કાયદા વિશે વધુ વિગતવાર માહિતી, પરિવર્તન માટેનાં પ્રસ્તાવ અને સંપૂર્ણ ચર્ચા દસ્તાવેજમાં તેમના કારણો શોધી શકો છો: *દ્વેષ અને ભેદભાવની ઉશ્કેરણી વિરુદ્ધ પ્રસ્તાવ* અહિયાં ઉપલબ્ધ છે:
www.justice.govt.nz/proposals-against-incitement-of-hatred-and-discrimination.

## અમે તમારી પાસેથી સાંભળવા માંગીએ છીએ

સૂચવેલા ફેરફારો કરવા કે તેમાંના કેટલાક ભાગોને બદલવા, અથવા કોઈ અલગ પગલા ભરવા તે નક્કી કરવામાં સહાય માટે સરકાર તમારો પ્રતિસાદ (સબમિશન) માંગે છે.

રજુઆતો 25 જૂનથી 6 ઓગસ્ટ 2021 સુધી ખુલ્લી છે. તમે સિટીઝન સ્પેસ વેબસાઇટ દ્વારા તમારી રજૂઆત મોકલી શકો છો https://consultations.justice.govt.nz, અથવા ઇમેલ દ્વારા humanrights@justice.govt.nz, અથવા માનવ અધિકાર, ન્યાય મંત્રાલય, SX10088, વેલિંગ્ટન પર પોસ્ટ દ્વારા પણ તમારી રજૂઆત મોકલી શકો છો.

સબમિશન પ્રક્રિયા વિશેની વધુ માહિતી માટે, ગુપ્તતા અને વ્યક્તિગત માહિતી વિશેની માહિતી સહિત, કૃપા કરીને અમારી વેબસાઇટ પર ચર્ચા દસ્તાવેજ જુઓ: www.justice.govt.nz/proposals-against-incitement-of-hatred-and-discrimination

ગુપ્તતા અને વ્યક્તિગત માહિતી સંબંધિત વિગતો માટે કૃપા કરીને ચર્ચા દસ્તાવેજનું પૃષ્ઠ 6 જુઓ

## છ પ્રસ્તાવ

| | |
|---|---|
| *પહેલો પ્રસ્તાવ: માનવાધિકાર અધિનિયમ 1993 માં ઉશ્કેરણીની જોગવાઈઓમાં ભાષા બદલવી જેથી તેઓ વધુ જૂથોનું રક્ષણ કરશે કે જેઓ દ્વેષપૂર્ણ ભાષણનો શિકાર બને છે.* | વર્તમાન ઉશ્કેરણીની જોગવાઈઓ ફક્ત તે ભાષણ પર લાગુ પડે છે જે જૂથને તેમના રંગ, જાતિ અથવા વંશીય અથવા રાષ્ટ્રીય મૂળના કારણે લક્ષ્ય બનાવે છે. અન્ય જૂથોને પણ ધૃણાસ્પદ ભાષણ દ્વારા નિશાન બનાવવામાં આવે છે, જેમાં તેમના ધર્મ, લિંગ, લૈંગિકતા અને અપંગતાના આધારે તેમણે શિકાર બનવું પડે છે . જો લોકોની જુદી જુદી લાક્ષણિકતાઓને કારણે લોકોના જૂથ સામે નફરત ઉભી કરવામાં આવી હોય તો પણ આ દરખાસ્ત કાયદાને લાગુ પાડવા બદલશે. આમાં માનવાધિકાર અધિનિયમની કલમ 21માં ભેદભાવના અન્ય પ્રતિબંધિત કેટલાક કારણોનો સમાવેશ થઈ શકે છે (આ વિભાગ ચર્ચા દસ્તાવેજના પરિશિષ્ટ એકમાં નિર્ધારિત છે). અમે આ પરિવર્તન દ્વારા કયા જૂથોને સુરક્ષિત રાખવું જોઈએ તે મંતવ્યો શોધી રહ્યા છીએ. વધુ માહિતી ચર્ચા દસ્તાવેજમાં પૃષ્ઠ 17 પર ઉપલબ્ધ છે. |
| *બીજો પ્રસ્તાવ:  માનવાધિકાર અધિનિયમ 1993માં હાલની ગુનાહિત જોગવાઈને બદલવું, કે જે ગુનાહ અધિનિયમ 1961 માં* | આનો અર્થ એમ થશે કે કોઈ પણ વ્યક્તિ જે ઇરાદાપૂર્વક કોઈ સંરક્ષિત જૂથ વિરુદ્ધ ઉશ્કેરણી કરે છે, ઉશ્કેરે છે, જાળવે છે અથવા સામાન્ય કરે છે, જો તે ધમકી આપીને, અપમાનજનક અથવા અપમાન કરીને હિંસાને ભડકાવીને તેમ કરે તો તેઓ કાયદો તોડશે. આ તેઓ શાબ્દિક રીતે, લેખિતમાં અથવા ઓનલાઇન સહિત ધમકી |

| | |
|---|---|
| *નવા ગુનાહિત ગુનાહ સાથે, જે સ્પષ્ટ અને વધુ અસરકારક છે.* | અથવા દુરુપયોગ કેવી રીતે કરે છે તેને ધ્યાનમાં લીધા વિના આ લાગુ થશે. કયા જૂથોને સુરક્ષિત રાખવું જોઈએ તેના પર વધુ માહિતી માટે, પહેલો પ્રસ્તાવ જુઓ. વધુ માહિતી ચર્ચા દસ્તાવેજમાં પૃષ્ઠ 18 પર ઉપલબ્ધ છે. |
| *ત્રીજો પ્રસ્તાવ: તેની ગંભીરતાને વધુ સારી રીતે દર્શાવવા માટે ગુનાહિત ગુનાહ માટેની સજામાં વધારો.* | હાલની સજા ત્રણ મહિના સુધી કેદ અથવા $7,000 સુધીનો દંડ છે. પ્રસ્તાવ એમ છે કે હાલની સજાને વધારીને ત્રણ વર્ષ સુધીની કેદ અથવા $50,000 સુધી દંડની સજા કરવામાં આવે છે. વધુ માહિતી ચર્ચા દસ્તાવેજમાં પૃષ્ઠ 19 પર ઉપલબ્ધ છે. |
| *ચોથો પ્રસ્તાવ: ગુનાહિત જોગવાઈમાં થતા ફેરફારોને મેચ કરવા માટે નાગરિક ઉશ્કેરણીની જોગવાઈની ભાષા બદલો.* | આ નાગરિક જોગવાઈ (વિભાગ 61) માં અસ્તિત્વમાં છે તે શબ્દની સાથે, 'ઉશ્કેરણી/ઉત્તેજન, ધિક્કારને જાળવવા અથવા સામાન્ય કરવા' ઉમેરશે. આ જોગવાઈમાં સુધારો થઈ શકે તેવી અન્ય રીતો વિશેના પ્રતિસાદનું અમે પણ સ્વાગત કરીએ છીએ. વધુ માહિતી ચર્ચા દસ્તાવેજમાં પૃષ્ઠ 21 પર ઉપલબ્ધ છે. |
| *પાંચમો પ્રસ્તાવ: નાગરિક જોગવાઈને બદલો જેથી તે કાયદા સામે 'ભેદભાવ માટે ઉશ્કેરણી કરે'.* | કાયદો બદલાશે જેથી કોઈ વ્યક્તિને તે જૂથો સામે ભેદભાવ રાખવા માટે અન્ય લોકોને ઉશ્કેરવા અથવા ઉશ્કેરવા પર પ્રતિબંધિત કરવામાં આવશે, જેઓ તિરસ્કારની જોગવાઈથી ભરેલા હોવાને કારણે આવરી લેવામાં આવશે (જુઓ પહેલો પ્રસ્તાવ). આનાથી માનવાધિકાર આયોગને આ પ્રકારની વર્તણૂક અંગે ફરિયાદોને મંજૂરી મળશે. વધુ માહિતી ચર્ચા દસ્તાવેજમાં પૃષ્ઠ 22 પર ઉપલબ્ધ છે. |
| *છઠો પ્રસ્તાવ: માનવાધિકાર અધિનિયમના ભેદભાવના આધારોમાં તે સ્પષ્ટ કરવા માટે કે ટ્રાન્સજેન્ડર અને ઇન્ટરસેક્સ લોકો ભેદભાવથી સુરક્ષિત છે.* | હાલમાં લોકોની જાતિને લીધે ભેદભાવ કરવું કાયદાની વિરુદ્ધ છે. સરકાર વિચારે છે કે આમાં લિંગની ઓળખ અથવા અભિવ્યક્તિ, જાતીય લાક્ષણિકતાઓ અથવા ઇન્ટરસેક્સ સ્ટેટસનાં આધારે ભેદભાવ કરવું શામેલ છે. આ પ્રસ્તાવમાં કાયદાને આ વિશે વધુ સ્પષ્ટ બનાવવું સૂચવે છે. વધુ માહિતી ચર્ચા દસ્તાવેજમાં પૃષ્ઠ 23 પર ઉપલબ્ધ છે. |

# ઉશ્કેરણીજનક ભાષણ શું છે?

'દ્વેષયુક્ત ભાષણ' એક વ્યાપક શબ્દ છે જેનો ઉપયોગ ઓટીરોઆ ન્યુઝિલેન્ડનાં કાયદામાં થતો નથી. તે સામાન્ય રીતે ભાષણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે સામાન્ય લાક્ષણિકતાના આધારે વ્યક્તિ અથવા જૂથ પર હુમલો કરે છે, ઉદાહરણ તરીકે વંશીયતા, ધર્મ અથવા લૈંગિકતા.

ઉપરોક્ત છ પ્રસ્તાવ ખાસ કરીને ભાષણથી સંબંધિત છે જે જૂથ સામે દ્વેષ ઉભો કરે છે. દ્વેષને ભડકાવનારું ભાષણ એ અપમાનજનક અથવા ધમકીભર્યું ભાષણ છે જે વહેંચાયેલ લાક્ષણિકતાને આધારે લોકોના જૂથ (એક વ્યક્તિ પર નિર્દેશિત કરવાને બદલે) પ્રત્યે દુશ્મનાવટ ઉભું કરે છે. આથી જ આપણે 'ઉશ્કેરણી વાણી', 'દ્વેષને ભડકાવવા' અને 'ઉશ્કેરણીની જોગવાઈઓ' વિશે વાત કરીએ છીએ.

આ પ્રસ્તાવ દ્વેષ ગુનાહનાં અન્ય પ્રકારો તરફ ધ્યાન નથી આપતું. સંબંધિત કામો વિશે વધુ માહિતી કે જે આ પ્રસ્તાવ હેઠળ આવરી લેવામાં નથી આવી, તે પૃષ્ઠ 25 પર ચર્ચા દસ્તાવેજમાં મળી શકે છે.

# દ્વેષને ભડકાવવાથી નુકસાન થાય છે

દ્વેષને ભડકાવનારી વાણીથી ખાસ પ્રકારનું નુકસાન થાય છે તે સમુદાયો પર નકારાત્મક અસર કરે છે જે લક્ષ્યાંકિત છે અને હિંસા તરફ દોરી શકે છે. દ્વેષભાવને ભડકાવવું એ ખરાબ સમાજની લાગણી પેદા કરે છે અને સામાજિક સમાવેશને પાછળ રાખીને આપણા સમાજને નુકસાન પહોંચાડે છે. તે ઓટેરોઆ ન્યુઝિલેન્ડમાં આપણા બધા સમુદાયો વચ્ચે અવિશ્વાસ ફેલાવી શકે છે અને ભાગલા પડાવી શકે છે.

દ્વેષભાવને ભડકાવવા વિરુદ્ધ રક્ષણમાં સુધારો કરવો સલામત સમુદાયોને પ્રોત્સાહન આપશે અને આ પ્રકારના વર્તન હાનિકારક છે તે અંગે આપણા સમાજના અભિપ્રાયને મજબૂત બનાવશે.

આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંધિઓ હેઠળ દ્વેષભાવને ભડકાવવા પર પણ પ્રતિબંધન છે, તેથી કાયદામાં ફેરફાર કરવાથી આપણી આંતરરાષ્ટ્રીય માનવ અધિકારની જવાબદારીઓને પૂરી કરવામાં મદદ મળશે.

# વર્તમાન કાયદો

માનવાધિકાર અધિનિયમ 1993 માં ગુનાહિત જોગવાઈ અને નાગરિક જોગવાઈ છે. નાગરિક કાયદાકીય સિસ્ટમ વ્યક્તિઓ, સંગઠનો અને કેટલાક કેસોમાં સ્થાનિક અથવા કેન્દ્ર સરકાર વચ્ચેના ખાનગી વિવાદોને પણ આવરી લે છે. ગુનાહિત કાયદાકીય સિસ્ટમ કાયદાને તોડનારા લોકોને સજા કરીને વધુ ગંભીર અને હાનિકારક વર્તનને ઓળખવા અને પ્રતિબંધિત કરવાનું કાર્ય કરે છે.

નાગરિક જોગવાઈ (વિભાગ 61) હેઠળ લેખિત બાબતનો ઉપયોગ, પ્રકાશિત, પ્રસારણ કે વિતરણ અથવા આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરવો તે કાયદાની વિરુદ્ધ છે:

1. ધમકી આપવી, ગાળ બોલવી અથવા અપમાનજનક શબ્દો અને
2. લોકોના રંગ, જાતિ, અથવા વંશીય અથવા રાષ્ટ્રીય મૂળ પર આધારિત કોઈપણ જૂથને દુશ્મનાવટ ભરેલી અથવા દ્વેષભાવને ભડકાવવાની સંભાવના પેદા કરતા હોય.

જ્યારે કોઈ વ્યક્તને એવું લાગે કે કોઈક વ્યક્તિએ તેમની સાથે કંઈક ગેરકાયદેસર કર્યું છે તો તે માનવીય અધિકાર પંચમાં ફરિયાદ કરી શકે છે.

ગુનાહિત જોગવાઈ (કલમ 131) કહે છે કે લેખિત બાબતોને પ્રકાશિત, પ્રસારણ અથવા વિતરણ કરીને, અથવા નીચે આપેલા બધા પ્રકારનાં શબ્દોનો ઉપયોગ કરીને જાતિવાદી ભેદભાવ ઉભો કરવો તે ગુનાહિત ગુનો છે:

1. ધમકી આપવી, ગાળ બોલવી અથવા અપમાનજનક શબ્દો
2. દુશ્મનાવટ અથવા દુષ્ટ ઇચ્છા સામે ઉત્તેજીત થવાની સંભાવના પેદા કરે તેવા શબ્દો, અથવા રંગ, જાતિ, અથવા વંશીય કે રાષ્ટ્રીય ઉત્પત્તિના આધારે કોઈપણ જૂથની તિરસ્કાર અથવા ઉપહાસ કરે તેવા શબ્દો
3. આવી દુશ્મનાવટ, દુષ્ટ-ઇચ્છા, તિરસ્કાર અથવા ઉપહાસને ઉત્તેજિત કરવાનો હેતુ.

આ ગુનાહ માટે ત્રણ મહિનાની કેદની સજા અથવા $7,000 નો દંડ છે.

# અભિવ્યક્તિની સ્વતંત્રતા સુરક્ષિત છે પણ તે અમૂક મર્યાદાને આધિન છે

અભિવ્યક્તિની સ્વતંત્રતા એ આપણા સમાજનો એક પાયાનો આધાર છે, પણ તેનો અર્થ એ નથી કે લોકો કોઈને ગમેતેમ બોલે. બિલ ઓફ રાઇટ્સ એક્ટમાંના તમામ અધિકારો અને સ્વતંત્રતાઓની જેમ, અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારને કાયદા દ્વારા એવી રીતે મર્યાદિત કરી શકાય છે કે જેને મુક્ત અને લોકશાહી સમાજમાં ન્યાયી ઠેરવી શકાય.

વર્તમાન ઉશ્કેરણીની જોગવાઈઓ અભિવ્યક્તિની સ્વતંત્રતા પર ન્યાયી મર્યાદાની જોગવાઈ કરે છે. તેઓ સંતુલિત અભિગમ બનાવે છે જે સજાની તીવ્રતા સામેના દ્વેષપૂર્ણ ભાષણની ગંભીરતાને ધ્યાનમાં લે છે. ઉશ્કેરણીની જોગવાઈઓ વાણીને લક્ષ્ય આપે છે, જેમાં અન્ય લોકો માને છે કે વિવિધ વંશીય જૂથોથી બનેલો સમાજ અસરકારક રીતે કાર્ય કરી શકશે નહીં. આ પ્રકારની વાણી લોકોને એક બીજાની વિરુદ્ધ કરવા અને સમુદાયો વચ્ચે જુદા પાડવાનો પ્રયત્ન કરે છે.

કાયદો આ ઉશ્કેરણીભર્યા વલણને ગેરકાયદેસર બનાવે છે કારણ કે તે માનવાધિકાર અને ઓટેરોઆ ન્યુઝિલેન્ડના લોકશાહી મૂલ્યો સાથે વિસંગત છે. આ વલણ એ વિચાર પર આધારિત છે કે વહેંચાયેલ લાક્ષણિકતાને કારણે (જેમ કે વંશીયતા, ધર્મ અથવા લૈંગિકતા) લોકોના કેટલાક જૂથોનું મૂલ્ય અન્ય કરતા ઓછું છે. એવી માન્યતા હોઈ શકે છે કે આ જૂથોને સમાન અધિકાર ન હોવા જોઈએ, અને/અથવા જુદી જુદી રીતે વર્તવું જોઈએ અને વિશાળ સમાજમાંથી બાકાત રાખવું જોઈએ.

એ નોંધવું અગત્યનું છે કે આ પ્રસ્તાવ વાણીને ગુનાહિત બનાવવા માટેનો દોર ઘટાડતી નથી કે મહત્વપૂર્ણ મુદ્દા પર જાહેર ચર્ચાને અટકાવતી નથી.

કાયદામાં પરિવર્તન માટેનાં આ પ્રસ્તાવનું લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે દરેકના અધિકાર સુરક્ષિત છે, અને દરેક વ્યક્તિ નિર્ભયતાથી પોતાને વ્યક્ત કરી શકે છે.

# કાયદામાં સમસ્યાની જાન થઇ ગઈ છે

મંત્રાલયે 2019 માં કાયદાની સમીક્ષા હાથ ધરી હતી અને કેટલાક મુદ્દાને ઓળખી કાઢ્યા હતા. ક્રિસ્ટચર્ચ મસ્જિદૈન પર 15 માર્ચ 2019 ના રોજ થયેલા આતંકી હુમલાની રોયલ કમિશન ઓફ ઇન્કવાયરીએ પણ મુદ્દા ઓળખી કાઢ્યા હતા અને પરિવર્તન માટે સુઝાવ આપ્યા હતા.

આ ત્રણ મુખ્ય મુદ્દા ઓળખાયા હતા:

1. ગુનેગાર જોગવાઈ અને નાગરિક જોગવાઈઓ બંનેનાં શબ્દ અસ્પષ્ટ છે. રોયલ કમિશને ગુનાહિત જોગવાઈ માટે શબ્દો ફરીથી ગોઠવવાનો સુઝાવ આપ્યો હતો.
2. વધુ જૂથો ભાષણ દ્વારા અસરગ્રસ્ત છે જે વર્તમાનમાં સુરક્ષિત કરેલા લોકો કરતાં દ્વેષને ઉશ્કેરે છે. જોગવાઈઓમાં ફક્ત જાતિ, રાષ્ટ્રીયતા, વંશીયતા અને રંગનો સમાવેશ થાય છે. માનવાધિકાર અધિનિયમની કલમ 21 માં તે 'ભેદભાવના પ્રતિબંધિત આધારો' માંથી આ ફક્ત ચાર છે.
3. ઇરાદાપૂર્વક દ્વેષભાવ ભડકાવવાની ગંભીરતાની તુલનામાં ફોજદારી ગુના માટેનો દંડ પ્રમાણમાં ઓછો છે.

અમે વર્તમાન કાયદા સાથે આ મુદ્દાને ધ્યાનમાં લેવા છ પ્રસ્તાવ પર તમારો પ્રતિસાદ માંગી રહ્યા છીએ.

# વૈતાંગી વિચારણાઓની સંધિ

Te Tiriti o Waitangi - વૈતાંગી સંધિ ઉશ્કેરણીની જોગવાઈઓ અને માનવાધિકાર કાયદાના ભેદભાવ સામે રક્ષણ અને સૈદ્ધાંતિક પ્રસ્તાવને સંબંધિત છે. માઓરી દ્વેષપૂર્ણ ભાષણનો અનુભવ કરી શકે છે અને હાલમાં તે 'જાતિ' અથવા 'વંશીય મૂળ' ના કાયદા હેઠળ ઉશ્કેરણીની જોગવાઈઓ દ્વારા આવરી લેવામાં આવ્યા છે. આ પ્રસ્તાવમાં માઓરી સહિતના તમામ જૂથોનું વધુ સારી રીતે રક્ષણ કરશે, જેમણે દ્વેષભર્યા ભાષણનો સામનો કરવો પડે છે. સંરક્ષણ મજબૂત કરવામાં આવશે જ્યાં માઓરી ભેદભાવના અન્ય પ્રતિબંધિત આધારોથી આવરી લેવામાં આવશે, ઉદાહરણ તરીકે, ટાકાટપુઇ (માઓરી જેમની ઓળખ વિવિધ જાતિઓ અને જાતીયતા દ્વારા થાય છે)નાં સંબંધમાં.

# પ્રસ્તાવ પર પ્રતિસાદ માટે પ્રશ્નો

ચર્ચા દસ્તાવેજમાં બધા પ્રસ્તાવ વિશેના સામાન્ય પ્રશ્નો તેમજ દરેક પ્રસ્તાવ માટેના વિશિષ્ટ પ્રશ્નો હોય છે. આ પ્રશ્નો નીચે દર્શાવેલ છે.

ત્રણ પ્રશ્નો કે જેનો ઉપયોગ તમે બધા પ્રસ્તાવ પર તમારી રજૂઆત માટેના સંકેતો તરીકે કરી શકો છો:

- શું તમને લાગે છે કે આ પ્રસ્તાવથી કોઈ જોખમ અથવા અનિચ્છનીય પરિણામ થઈ શકે છે અને, જો એમ હોય તો, તે શું છે?
- શું કોઈ એવી રીત છે કે આ પ્રસ્તાવ સુધારી શકાશે?

- શું આ પ્રસ્તાવ દ્વારા રજૂ કરેલ સમસ્યા કરતાં વૈતાંગી સંધિમાં કોઈ બીજી સમસ્યા થઈ શકે છે?

પહેલા પ્રસ્તાવ વિષે એક પ્રશ્ન:

- શું તમે સંમત છો કે આ રીતે ઉશ્કેરણીની જોગવાઈઓને વિસ્તૃત કરવાથી આ જૂથોનું વધુ સારું રક્ષણ થશે?
    - કેમ અથવા કેમ નહીં?
- તમારા મતે, આ ફેરફાર દ્વારા કયા જૂથને સુરક્ષિત કરવા જોઈએ?
- શું તમે વિચારો છો કે એવા કોઈ પણ જૂથ છે કે જેઓ દ્વેષપૂર્ણ ભાષણનો અનુભવ કરે છે જે આ પરિવર્તન દ્વારા સુરક્ષિત બનશે નહીં?

બીજા પ્રસ્તાવ વિષે એક પ્રશ્ન:

- શું તમે સંમત છો કે આ રીતે ગુનાહિત જોગવાઈના શબ્દોને બદલવાથી તે સ્પષ્ટ અને સરળ બનશે?
    - કેમ અથવા કેમ નહીં?
- શું તમને લાગે છે કે આ પ્રસ્તાવ નવા વર્તન હેઠળ ગેરકાયદેસર હોવા જોઈએ તેવા વર્તનને પકડશે?

ત્રીજા પ્રસ્તાવ વિષે એક પ્રશ્ન:

- શું તમને લાગે છે કે આ દંડ ગુનાહની ગંભીરતાને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે?
    - કેમ અથવા કેમ નહીં?
- જો તમે અસંમત છો, તો યોગ્ય તુલના તરીકે કયા ગુનાહોનો ઉપયોગ કરવો જોઈએ?

ચોથા પ્રસ્તાવ વિષે એક પ્રશ્ન:

- શું તમે આ ભાષાને કલમ 61 (નાગરિક જોગવાઈ) માં બદલવાને સમર્થન આપો છો?
    - કેમ અથવા કેમ નહીં?
- શું તમે વિચારો છો કે નાગરિક જોગવાઈના વર્તમાન શબ્દોના કોઈપણ અન્ય ભાગોને બદલવા જોઈએ?

પાંચમાં પ્રસ્તાવ વિષે એક પ્રશ્ન:

- શું તમે કલમ 61માં ભેદભાવ રાખવા માટે ઉશ્કેરણી પર પ્રતિબંધ કરવાને ટેકો આપો છો?
    - કેમ અથવા કેમ નહીં?

છઠા પ્રસ્તાવ વિષે એક પ્રશ્ન:

- શું તમે માનો છો કે આ પરિભાષા યોગ્ય છે?
- શું તમને લાગે છે કે આ પ્રસ્તાવમાં એવા જૂથોને પૂરતા પ્રમાણમાં આવરી લેવામાં આવ્યા છે કે જેને માનવાધિકાર અધિનિયમ હેઠળ ભેદભાવથી સુરક્ષિત રાખવા જોઈએ?
- શું તમે ધ્યાનમાં લો છોકે આ પ્રસ્તાવ, ટાકાટપુઇ સહિત, સાંસ્કૃતિક રૂપે વિશિષ્ટ લિંગ ઓળખને યોગ્ય રીતે સુરક્ષિત કરે છે?

# જો તમે દ્વેષપૂર્ણ વાણી અથવા વર્તનનો અનુભવ કરી રહ્યાં છો તો તમે શું કરી શકો છો

જો તમને લાગે કે તમારી સુરક્ષા જોખમમાં છે, તો કૃપા કરીને પોલીસને સંપર્ક કરો. જો કોઈ ઈમર્જન્સી હોય, તો 111 પર કૉલ કરો. જો તમને અત્યારે જોખમ નથી, તો 105 પર કૉલ કરો.

હ્યુમન રાઇટ્સ કમિશન કઈ રીતે મદદ કરી શકે છે તે વિશેની માહિતી માટે, આ જુઓ:

https://www.hrc.co.nz/enquiries-and-complaints/how-make-complaint/

વંશીય સતામણી વિશેની માહિતી માટે:

https://www.hrc.co.nz/enquiries-and-complaints/faqs/racially-offensive-comments/).

ઓનલાઇન થતી અભદ્ર ભાષાનાં ઉપયોગ માટે: https://www.netsafe.org.nz/

જો તમે કોઈની સાથે પોતાની ભાવના વિષે વાત કરવા માંગતા હોવ, તો કૃપા કરીને 1737 પર કૉલ કરો અથવા મેસેજ મોકલો.

# વધુ માહિતી

**તમે સંપૂર્ણ ચર્ચા દસ્તાવેજ અહીં વાંચી શકો છો:**

www.justice.govt.nz/proposals-against-incitement-of-hatred-and-discrimination

**વધુ માહિતીTe Tāhū o Te Ture – ન્યાય મંત્રાલયની આ વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે:**

www.justice.govt.nz/proposals-against-incitement-of-hatred-and-discrimination

MINISTRY OF
JUSTICE
*Tāhū o te Ture*

New Zealand Government